# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-06-2026 Day: Saturday Morning : 7.35 to 7.40 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા**વાંચે છે.

---

## PM-કિસાન સન્માન નિધિ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળના હુગલી ખાતેથી “પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના”નો **23**મો હપ્તો ખેડુતોના ખાતામાં ડી**.**બી**.**ટી માધ્યમથી જમા કરશે**.** મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે રાજ્યકક્ષાનો “પીએમ કિસાન ઉત્સવ દિવસ” યોજાશે**.**

પ્રધાનમંત્રીના હસ્તે સમગ્ર દેશના **9.44** કરોડથી વધુ ખેડૂત પરિવારોને કુલ **₹18,880** કરોડથી વધુની સહાયનું સીધું વિતરણ કરવામાં આવશે; ગુજરાતના આશરે **51.28** લાખ ખેડૂત પરિવારોના બેંક ખાતામાં **₹1025** કરોડથી વધુની સહાય સીધી **DBT**ના માધ્યમથી જમા થશે

**-----------------------------------------------------------------------------------------------**

## સ્વાગત કાર્યક્રમ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતા રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત જૂન**-2026**નો રાજ્ય સ્વાગત તા**. 22**મી જૂને યોજાશે; નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો સોમવાર**,** તા**. 22**મી જૂનના રોજ સવારે **8-00** થી **11-00** દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ**,** સ્વર્ણિમ સંકુલ**-2,** ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે**.**

**-----------------------------------------------------------------------------------------------**

## વિશ્વ યોગ દિવસ :

દર વર્ષે ૨૧મી જૂન વિશ્વ યોગ દિન તરીકે ઊજવાય છે. યોગ દિનની પ્રેરણા અને પ્રસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યો અને જેનું અનુસરણ આજે વિશ્વભરમાં થાય છે.

સાંસદ વિનોદભાઇ ચાવડાની ઉપસ્થિતિમાં આવતીકાલે તા. ૨૧મી જુનના  સાંજે ૫ ક્લાકે પિંગલેશ્વર દરિયા કિનારે યોગ યોગ દિનની ઉજવણી કરવામાં આવશે.

---

## પ્રગતિનો પ્રવેશોત્સવ:

આગામી તા. 23 થી 25 જૂન દરમ્યાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં યોજાનારા `પ્રગતિનો પ્રવેશોત્સવ 2026' અંતર્ગત જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારી  ઉત્સવ ગૌતમનાં માર્ગદર્શન હેઠળ કચ્છમાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, 17 રાજ્ય કક્ષાના અધિકારી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, સાંસદ વિનોદભાઈ ચાવડા, તમામ ધારાસભ્યો, જિલ્લા અને તાલુકાના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ 110 જેટલા રૂટમાં વિવિધ શાળામાં બાળકોનો બાલવાટિકા, ધોરણ 1, ધોરણ 6, ધોરણ 9 અને ધોરણ 11માં પ્રવેશ કરાવશે.

આ વર્ષે પ્રવેશોત્સવનું મુખ્ય હાર્દ `બેક ટુ સ્કૂલ' અભિયાન (શાળા છોડી ગયેલ બાળકોને શાળામાં પુન:પ્રવેશ કરાવવો) અંતર્ગત મહત્તમ બાળકોને પ્રવેશ કરાવવામાં આવશે.

---

## ક્રિકેટ

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ વન ડે મેચ આજે ચેન્નઈના એમ એ ચિંદબરમ સ્ટેડિયમ ચેપોક ખાતે  રમાશે. મેચ બપોરે દોઢ  વાગ્યે શરૂ થશે. ભારતે ધર્મશાળા ખાતેની પ્રથમ અને લખનૌ ખાતેની બીજી વનડે મેચ જીતી શ્રેણી જીતી લીધી છે. આજે ત્રીજી મેચ જીતી  સંપૂર્ણ વિજય મેળવવાના ધ્યેય સાથે  ભારત  મેચ રમશે.

---

## કલા વારસો ભૂષણ:

કચ્છના લોકવાદ્ય તથા લોકકલાકારોનાં જતન તથા સંવર્ધન માટે કાર્ય કરતી કલાવારસો ટ્રસ્ટ સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ કચ્છના લોકકલાકારોને અપાતો `કલા વારસો ભૂષણ' એવોર્ડ વર્ષ 2026 માટે જાહેર કરાયા છે.

આ એવોર્ડ વિજેતા કલાકારોમાં રમણીક પરમાર,  રમજાન લાખા કેર, ગંગા સૂરા ભગત, નવલબેન અજુ બારોટ, ઇસ્માઇલ જુમા જત, જુમાણી જુશબ સુમાર, અબ્દુલ સુલેમાન લંઘા, કેશરબાઇ ફકુ પારાધી,  રામા સંગરામ કોલી તથા છગન વેરશીને આ એવોર્ડ જાહેર કરાયા છે. આ એવોર્ડ વિજેતાઓને સન્માનવાનો કાર્યક્રમ આગામી તા. પાંચમી જુલાઇના ભુજમાં સ્મૃતિવન ખાતે યોજાશે.

---

## LNG-માલવાહક જહાજ:

અંદાજે 62 હજાર 370 મેટ્રિક ટન LNG ભરેલું માલવાહક જહાજ “દિશા” ભરૂચના દહેજ બંદરે પહોંચ્યું. કતારથી ભારત લવાયેલું આ જહાજ 15 જૂને હોર્મૂઝ સામુદ્રધૂનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ, શિપિંગ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાન આગેવાની હેઠળ કન્સોર્ટિયમ દ્વારા આ જહાજનું સંચાલન કરાય છે અને તે પેટ્રોનેટ LNG માટે કાર્યરત્ છે. આ LNG કેરિયર દિશા દેશની ઉર્જા સુરક્ષા માટે મહત્વની સાબિત થશે.

---